**નાણાકીય સહાય નીતિ- સાદી ભાષા સારાંશ**

એટલાન્ટિકેર રીજનલ સેન્ટરની (ARMC) નાણાકીય સહાય નીતિ /કાર્યક્રમ (FAP) અંતર્ગત લાયક દર્દીને ARMC અને (IRS દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવી છે તેમ) નોંધપાત્ર સંબંધિત સંસ્થા દ્વારા આંશિક કે પૂર્ણ રાહત દરની ઇમરજન્સી કે તબીબી રીતે આવશ્યક આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ARMC અને અન્ય કોઇ પણ નોંધપાત્ર સંબંધિત સંસ્થાનો હવે પછીથી ARMC તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. નાણાકીય સહાય મેળવવા ઇચ્છતા દર્દીએ કાર્યક્રમ માટે અરજી કરવી જ પડે છે જેનો સારાંશ અહીં આપેલો છે.

<u>લાયક સેવાઓ</u> – ARMC દ્વારા પૂરી પાડવામાં આવતી અને ARMC દ્વારા બિલ કરવામાં આવતી આંશિક કે પૂર્ણ રાહત દરની ઇમરજન્સી કે તબીબી રીતે આવશ્યક આરોગ્ય સેવાઓ. FAP માત્ર ARMC દ્વારા બિલ કરાતી સેવાઓને જ લાગુ પડે છે. અન્ય પ્રદાતાઓ, જેમકે ફિઝિશિયન કે લેબોરેટરીઝ, દ્વારા અલગથી બિલ કરાતી અન્ય સેવાઓ FAP અંતર્ગત લાયક નથી.

<u>લાયક દર્દીઓ</u> – એવા દર્દીઓ સેવાઓ મેળવે છે જેઓ (સંબંધિત દસ્તાવેજો/માહિતી સહિત) નાણાકીય સહાય અરજી પૂર્ણ કરે છે અને જેઓ ARMC અંતર્ગત નાણાકીય સહાય માટે લાયક નક્કી થયેલા છે.

<u>કેવી રીતે અરજી કરવી</u>– FAP અને સંબંધિત અરજીપત્રો નીચે મુજબ મેળવી/ભરી/જમા કરાવી શકાય છે:

- હોસ્પિટલ સુવિધાની અંદર કોઇ પણ નોંધણી સ્થળ અથવા નીચેનામાંથી કોઇ પણ સ્થળે એપોઇન્ટમેન્ટ વગર:
  - **ARMC, Health Plex 1401 Atlantic Ave, Atlantic City, NJ, 08401. સોમવારથી શુક્રવાર, સવારે 7:30થી સાંજે 4:00 સુધી.** 1લા માળે- આઉટપેશન્ટ રજિસ્ટ્રેશન પર જાઓ અને નાણાકીય સહાય વિભાગ અંગે પૂછો.
  - **ARMC Mainland Campus, 65 W. Jimmie Leeds Rd., Pomona, NJ, 08240. સોમવારથી શુક્રવાર, સવારે** 8:00**થી સાંજે** 5:00 **સુધી.** હોસ્પિટલ લોબી ઇન્ફર્મેશન ડેસ્ક પર જાઓ અને નાણાકીય સહાય વિભાગ અંગે પૂછો.
  - **ARMC Health Park at Hammonton, 219 N. White Horse Pike, Hammonton, NJ, 08037. માત્ર બુધવારે, સવારે 8:00થી સાંજે 4:00 સુધી. ઉનાળા દરમિયાન બુધવાર અને ગુરુવારે સવારે 8:00થી સાંજે 4:00 સુધી.** ઇમરજન્સી રૂમ રજિસ્ટ્રેશન ડેસ્ક પર જાઓ અને નાણાકીય સહાય વિભાગ અંગે પૂછો.

- ARMCની બિઝનેસ ઑફિસ કસ્ટમર સર્વિસ પર 609-272-2500 ફોન કરીને તમને મેઇલ કરવાના દસ્તાવેજો માટે વિનંતી કરો.
- દસ્તાવેજો મેઇલ દ્વારા વિનંતી કરો: ARMC Finance Office, Attn: Business Office Customer Service, 65 W. Jimmie Leeds Rd, Pomona, NJ 08240.
- દસ્તાવેજો ARMCની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરો: www.atlanticare.org/PLS.
- પૂર્ણ કરેલી અરજીઓને (તમામ દસ્તાવેજો/અરજી સૂચનાઓમાં ઉલ્લેખ કરેલી માહિતી સાથે): ARMC Finance Office, Attn: Business Office Customer Service, 65 W. Jimmie Leeds Rd, Pomona, NJ 08240 પર મેઇલ કરો; અથવા ઉપરના ઘાટા અક્ષરોમાં દર્શાવેલા સ્થળો પર રૂબરૂ આપો.

<u>નાણાકીય સહાય લાયકાતનું નિર્ધારણ</u> – સામાન્ય રીતે, લાયક વ્યક્તિઓ ત્યારે નાણાકીય સહાય માટે લાયક બને છે જ્યારે તેની કુટુંબની આવક ફેડરલ સરકારની ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સ (FPG)ના 400% અથવા તેનાથી ઓછી હોય.
<u>નાણાકીય સહાય માટે લાયકાતનો અર્થ છે કે, લાયક વ્યક્તિને લાયક સેવાઓ અંતર્ગત, પૂર્ણ કે આંશિક, સંભાળ મળશે અને તેમને વીમાદાર વ્યક્તિને “એમાઉન્ટ જનરલી બિલ્ડ” (AGB) કરતાં વધું બિલ નહીં કરાય (AGB ઇન્ટર્નલ રેવન્યૂ સર્વિસ દ્વારા IRC કલમ 501(r)માં વ્યાખ્યાયિત મુજબ).</u>
નાણાકીય સહાય સ્તર સંપૂર્ણપણે કુટુંબની આવક અને FPG પર આધારિત છે અને તે આ મુજબ છે:

- કુટુંબની આવક FPGના 0થી 300%, મિલકત જરૂરિયાતો સંતોષાવી જ જોઇએ. પૂર્ણ નાણાકીય સહાય; દર્દીને બિલ કરી શકાય તેવી રકમ $0.
- કુટુંબની આવક FPGના 300થી 400%, આંશિક નાણાકીય સહાય; AGB દર્દીને બિલ કરી શકાય તેટલું મહત્તમ છે.
- વીમા વગરના દર્દીને મેળવેલી તમામ સેવાઓ માટે AGB અથવા તબીબી સંભાળના 115%, બેમાંથી જે ઓછું હોય તે ચાર્જ કરવામાં આવશે.

નોંધઃ FPG ઉપરાંતના માપદંડો પણ વિચારવામાં આવ્યા છે (એટલે કે, રોકડ અથવા રોકડમાં તબદીલ થઇ શકે તેવી અન્ય મિલકતોની પ્રાપ્યતા અને માસિક ઘરેલુ ખર્ચની તુલનાએ વધારાની માસિક ચોખ્ખી આવક), જે ઉપરોક્ત માપદંડના અપવાદ બની શકે છે. જો કુટુંબની કોઇ આવક ના હોય તો દૈનિક જરૂરિયાતો કેવી રીતે સંતોષાય છે તે અંગેની માહિતી પૂરી પાડવી પડશે. ARMCની ફાઇનાન્સિયલ કાઉન્સિલ અને કસ્ટમર સર્વિસ વિભાગો જમા થયેલી પૂર્ણ અરજીઓની સમીક્ષા કરે છે અને ARMCની નાણાકીય સહાય નીતિને અનુરૂપ નાણાકીય સહાય લાયકાત નક્કી કરે છે. અધૂરી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં પરંતુ અરજદારને જાણ કરવામાં આવે છે અને ખૂટતા દસ્તાવેજો/માહિતી પૂરી પાડવા તક આપવામાં આવે છે.

જ્યાં ARMC દ્વારા સેવા અપાતા સમુદાયના રહેવાસીઓની પ્રાથમિક ભાષા ARMC દ્વારા સંભવિત અસરગ્રસ્ત કે સેવા અપાતા વ્યક્તિઓની કુલ વસ્તીના 5 ટકા અથવા 1,000, બંનેમાંથી જે ઓછું હોય તે, છે ત્યાં ARMC તેના FAP, FAP અરજીપત્ર અને તેના FAPના સાદી ભાષામાં સારાંશને અન્ય ભાષામાં અનુવાદ પણ કરે છે. અનૂદિત સંસ્કરણો નીચેના સરનામે રૂબરૂ વિનંતી કરવાથી અથવા ARMCની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

મદદ, સહાય કે સવાલો માટે કૃપા કરીને મુલાકાત લો અથવા ફોન કરોઃ ARMCની બિઝનેસ ઑફિસ કસ્ટમર સર્વિસને 609-272-2500 પર અથવા ઉપર ઘાટા અક્ષરમાં દર્શાવેલા કોઇ પણ સ્થળની મુલાકાત લો.